**આંક:૨૭**

**શ્રી એચ.કે.મેરીયા, ઓથોરીટી, પેમેન્ટ ઓફ વેજીસ એકટ,મજુર અદાલત નં.૭, અમદાવાદ સમક્ષ**

**પેમેન્ટ વેજીસ અરજી નં.૩૦૭/૨૦૧૬**

૧. **શ્રી નરેશ ધનીરામ સોનકર તથા ૨ આ સાથેના**
પરીશીષ્ટ અ મુજબનાં વતી હિંદ લેબર યુનિયનના
પ્રમુખ ડી.બી.ઝા,
ઠે.૨૭૬/બી, માતૃભકિત સોસા.,રેવાભાઈ એસ્ટેટ
પાસે,સી.ટી.એમ.ચાર રસ્તા,
અમરાઈવાડી,અમદાવાદ **...અરજદાર**

**વિરુધ્ધ**

૧. **શ્રી કિરીટભાઈ પટેલ,**
માલીક/ભાગીદાર,
ઠે. ૫૪/૧, ચિરાગ એસ્ટેટ, રેવાભાઈ એસ્ટેટ પાસે,
સીટીએમ ચાર રસ્તા, અમરાઈવાડી,
અમદાવાદ **...સામાવાળા**

વિષય: પગારધારાની કલમ ૧૫ મુજબની અરજી

હાજર રહયા – અરજદાર તરફે :– શ્રી ડી.બી.ઝા,
સામાવાળા તરફે :– –

**–:: <u>હુકમ</u> ::–**

(૧) આ કામે અરજદારે પગાર ધારાની કલમ–૧૫ અન્વયેની આંક–૧ ની અરજીના પેરા–૧૦ માં જણાવ્યા મુજબ લેણી રકમ ચુકવી આપવા તથા અરજી ખર્ચના સામાવાળા પાસેથી અપાવવા અરજ કરેલ છે. સદર કામ મુખ્યત્વે અરજદારોની ઉલટ તપાસ માટે મુલ્તવી હોય ત્યારે આ કામે અરજદાર તથા તેના પ્રતિનિધિની સહીથી આ કામે આંક–૨૬થી વિડ્રો પુરસીસ અત્રેની કોર્ટ સમક્ષ રજૂ કરેલ છે અને આંક–૨૬ ની વિડ્રો પુરસીસ રજૂ કરીને જણાવેલ છે કે આ કામના સામાવાળા સંસ્થાના માલિકશ્રી અને અરજદારો વચ્ચે નામદાર કોર્ટ બહાર અંદરોઅંદર સમાધાન થઈ ગયેલ હોવાથી સદરહુ કેસ આગળ ચલાવવા

માંગતા નથી અને આજરોજ પાછો ખેંચીએ છીએ.સદર પુરસીસ નોંધવામાં આવેલ અને સદર કામ હૂકમ ઉપર મૂકવામાં આવેલ. જેથી સદર કેસ વિડ્રો અન્વયે લોક અદાલતમાં તે અંગે હૂકમ કરી કામ ફેંસલ કરવામાં આવે છે. ખર્ચ અંગે હૂકમ નથી.

(૨) લેબર કોર્ટ, અમદાવાદની રજીસ્ટ્રી ધ્વારા લેબર કોર્ટ ( પધ્ધતિ અને કાર્ય પધ્ધતિ) નિયમો–૧૯૪૭ અન્વયેના પ્રકરણ–૮ ના નિયમ–૩૨ ની જોગવાઈ અનુસાર સંબંધીત પક્ષકારોને હૂકમની નકલો આપવા અંગે નિયમાનુસારની કાર્યવાહી કરવી.

અમદાવાદ

તારીખ : ૧૧/૧૨/૨૦૨૧

(હિતેન્દ્ર કરશનભાઈ મેરીયા)
**Code:GJ01279**
ઓથોરીટી,
પેમેન્ટ ઓફ વેજીસ એકટ,
મજુર અદાલત નં.૭, અમદાવાદ.

P V CHUDASAMA,P.A